JRD HC



ક્રમાંક: હ-૨/સ્કો/૨૦૧૮/૨૮૮૪-૨૯૭
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ડૉ.જી. મ. ભવન, બ્લોક નં.૧૨,
ગાંધીનગર
તા.૫/૧૦/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા –તમામ

**વિષય:– શિષ્યવૃત્તિ–ફેલોશિપના ફોર્મ ઓન લાઈન ભરવા બાબત**
**(સને.૨૦૧૮–૧૯)**

સંદર્ભ:– સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસસીએચ/૧૧૧૬/૫૩૯/છ
તા.૧૪/૮/૨૦૧૭

ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે **સરકારી અને બિન સરકારી માત્ર ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતાં** અને માર્ચ.૨૦૧૮ ધોરણ–૧૦ની એસ.એસ.સી.ની પરીક્ષામાં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવનાર વિધાર્થીઓને ધો.૧૧માં ચાલુ વર્ષમાં બે પ્રકારીની શિષ્યવૃત્તિઓ મળવાપાત્ર થાય છે. **(૧) ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ અને (૨) ફેલોશિપ શિષ્યવૃત્તિ.** આ બન્ને યોજનાની વિગતો **www.digitalgujarat.gov.in** પોર્ટલ ઉપર મૂકવામાં આવેલ છે.

દર વર્ષની જેમ ચાલુ વર્ષ સને.૨૦૧૮–૧૯માં આ શિષ્યવૃત્તિ મેળવવા માટેના ફોર્મ ભરવાના થાય છે. આ યોજનાનો લાભ આપના જિલ્લાની ઉક્ત શાળાઓના વિધાર્થીઓ બહોળા પ્રમાણમાં લઈ શકે તે માટે નીચે મુજબની વિગતો ધ્યાને લઈને **માત્ર ઓન લાઈન ફોર્મ ભરવા** માટે આપના જિલ્લાની તમામ શાળાઓને સૂચના આપશો.

(૧) સરકારી અને બિન સરકારી માત્ર ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતાં માર્ચ.૨૦૧૮ ધોરણ–૧૦ની એસ.એસ.સી.ની પરીક્ષામાં ૭૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર તમામ કેટેગરીના વિધાર્થી કે જેઓના વાલીની વાર્ષિક આવક રૂ.૨,૫૦,૦૦૦/– કરતાં ઓછી છે તેઓને મળવાપાત્ર થાય છે. ફેલોશિપ યોજનામાં કેટેરગરી વાઈઝ ફોર્મ ભરી શકાશે જયારે ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ યોજનામાં કેટેગરી વાઈઝ કોઈ અનામત નથી.

(૨) સદર બન્ને યોજનાઓની જોગવાઈ મુજબ માત્ર મેરટમાં આવનાર વિધાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવશે. અન્ય કોઈ યોજના હેઠળ શિષ્યવૃત્તિ મેળવનાર વિધાર્થીને સદર શિષ્યવૃત્તિ મળવાપાત્ર નથી. જેથી વિધાર્થીએ કોઈ એકજ શિષ્યવૃત્તિ મેળવવા અરજી કરવાની રહેશે.

(૩) આ શિષ્યવૃત્તિ મેળવવા માટે સરકારશ્રીની સૂચના મુજબ દરેક વિધાર્થીએ આ માટેના પોર્ટલ પર માત્ર ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ અંગેના પોર્ટલ પર માત્ર ઓન લાઈન અરજી કરવા માટેનું એડ્રેસ નીચે મુજબ છે.

વેબ સાઈટ – **www.digitalgujarat.gov.in** ના Home Page ઉપરના Click For New Registration (Citizen) લાલ કલરના બોક્ષ પર કલીક કરીને રજિસ્ટ્રેશન કરાવીને પોતાની પર્સનલ વિગતો ભવાની રહેશે, તે SAVE કરીને, ત્યાર બાદ OTP ના આધારે વેરીફાઈ કરીને Scholarship પસંદ કરીને ફોર્મ ભરવાનું રહેશે. ફોર્મની તમામ વિગતો ભરાયા બાદ જરૂરી તમામ આધારો(ડોકયુમેન્ટ) એટેચ કરીને ફોર્મ સબમીટ કરવાનું રહેશે

Scanned by CamScanner

સદર પોર્ટલ ઉપર ઓન લાઈન અરજીની સાથે ધો.૧૦ની માર્કશીટ, આવકનો દાખલો, જાતિ અંગનું પ્રમાણપત્ર(માત્ર ફેલોશિપ શિષ્યવૃત્તિ માટે), ફી ભર્યાની રસીદ, આધાર કાર્ડ, બેન્ક પાસબુક વિગરે જરૂરી આધારો સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે. <u>તે માટે ફોર્મ ભરતા પહેલાં વિધાર્થીએ સદર પોર્ટલ ઉપર યોજનાની વિગતો જોઈ લેવાની રહેશે.</u>

**આ યોજના હેઠળ ફોર્મ ભરવાની છેલ્લી તારીખઃ૩૦/૧૧/૨૦૧૮ નક્કી કરવામાં આવેલ છે. જેથી નિયત સમય મર્યાદામાં પોતાની શાળાના સબંધિત વિધાર્થીઓના ફોર્મ ભરાઈ જાય તેની શાળાના આચાર્યશ્રીએ તકેદારી રાખવા જરૂરી સૂચના તમામ શાળાઓને આપશો.**

**નાયબ શિક્ષણ નિયામક**
**ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી**
**ગુ.રા.ગાંધીનગર**

**<u>નકલ રવાના:-</u>**

**- આચાર્યશ્રી, સરકારી અને બિન સરકારી માત્ર ગ્રાન્ટેડ શાળાઓ, તમામ તરફ અમલ કરવા સારૂ..**

**<u>સવિનય નકલ રવાના:-</u>**

**- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર - તમામ શાળાઓને જાણ થવા માટે બોર્ડની વેબ સાઈટ ઉપર મૂકવાની વિનંતી સહ.**

---

પરિપત્ર :- 222

ક્રમાંક : શાખા/શિષ્યવૃત્તિ/18-19
તા. 08/10/18

વિષય : શિષ્યવૃત્તિ ફેલોશિપના ફોર્મ ઓનલાઈન ભરવા બાબત.

ઉપરોક્ત વિષયે જાણ સારું

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી.

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી અને બિન સરકારી
ગ્રાન્ટેડ શાળાઓ તમામ,
જિ. અમરેલી

Scanned by CamScanner